**<u>વડોદરાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,(મ્યુનિ.કોર્ટ) મુ.વડોદરા.</u>**

ક્રિમિનલ કેસ નં.૮૪૬૪૫/૨૦૨૬
આંક–

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી: પરશુરામ કનૈયાલાલ કહાર

**ગુન્હો :– એમ.વી. એકટ કલમ–૧૮૫ તથા પ્રોહિ. એકટ કલમ–૬૬(૧)બી મુજબ.**

ફરિયાદપક્ષના કેસની આંક–૧ અન્વયેની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે **એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહિ.એકટ કલમ–૬૬(૧)બી** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ તેની સામેના ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી. તેમ છતાં આરોપી સદર ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપિત **એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહિ.એકટ કલમ–૬૬(૧)બી** મુજબના ગુન્હા તકસીરવાન ઠરાવવામાં આવે છે તેમજ આરોપીની દયાની માંગણીને ધ્યાને લેતાં રહેમ દ્રષ્ટિ રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ **એમ.વી.એકટ કલમ–૧૮૫** મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦૦/– તથા **પ્રોહિ.એકટ કલમ–૬૬(૧)બી** મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– એમ સંયુકત રીતે રૂા.૨૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) ના દંડની શિક્ષા કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો ૧(એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૦ મુજબ આરોપીના જામીન અપીલ સમય પુરતા ચાલુ રાખવા.

(૩) સદર કામે મુદામાલ અન્વયે જો અગાઉ કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલની માલિકીની ખરાઇ કરી તેના મુળ માલિક/હકકદારને સુપરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧.૦૭.૨૦૨૬
પાવતી નં.
રૂા.૨૧૦૦/– (અંકે બે હજાર એકસો પુરા)

**(એકતા કંવર ચંદ્રાવત)**
**Code No. GJ01683**
જયુડી.મેજી.ફ.ક.,(મ્યુનિ.),
વડોદરા.

Nazir
Judi.Magi.F.C.(Muni) court, Vadodara.